અપીલ અરજી નં.૩૮૦ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના વિજીલન્સ વિભાગે છેલ્લા બે વર્ષમાં જુદા જુદા ઝોનમાં ગેરકાયદે બાંધકામો, ગેરકાયદે પાણી ડ્રેનેજના કનેકશનો બાબતે જે જે કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના વિજીલન્સ વિભાગે છેલ્લા બે વર્ષમાં જુદા જુદા ઝોનમાં ગેરકાયદે બાંધકામો, ગેરકાયદે પાણી ડ્રેનેજના કનેકશનો બાબતે જે જે કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૯૦ તા.૧૬–૧૧–૧૧ થી** વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આઈડી/૧૬૩૯ તા.૨૩–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/ ૧૫૩૩/૧ તા.૪–૧૧–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૨૨૦ તા.૫–૧૦–૧૧ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી છેલ્લા બે વર્ષમાં વીજીલન્સ વિભાગે જુદા જુદા ઝોનમાં કરેલ કાર્યવાહીની વિગતો મેળવવા બાબતે વીજીલન્સ વિભાગને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૨૨૦ તા.૫–૧૦–૧૧ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/ ૧૫૩૩/ ૧ તા.૪–૧૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકાના વિજીલન્સ વિભાગે છેલ્લા બે વર્ષમાં જુદા જુદા ઝોનમાં ગેરકાયદે બાંધકામો, ગેરકાયદે પાણી ડ્રેનેજના કનેકશનો બાબતે જે જે કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાને તા.૧–૪–૧૦ થી તા.૩૦–૯–૧૧ સુધીના સમયગાળા દરમ્યાન ગેરકાયદેસર બાંધકામ , ડ્રેનેજ અને પાણીના કનેકશન બાબતે કુલ ૬૮ કેસોમાં મે. કમિ.શ્રીની મંજુરીથી નિયમોનુસારની કાર્યવાહી કરવા જે તે ઝોનને જણાવવામાં આવેલ છે. આપને કયા કેસ અંગે કરેલ કાર્યવાહીની નકલની જરૂર છે તે અંગે સ્પષ્ટતા કર્યેથી માંગ્યા મુજબની નકલ આપી શકાશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) વીજીલન્સ વિભાગને છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે બાંધકામો અંગે કાર્યવાહી કરવા જેટલી અરજીઓ મળી હોય તે અરજીઓની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(જી) મુજબ અરજી/માહિતી આપનારનો સ્ત્રોત કે ઓળખ જાહેર થતી હોય તેવી માહિતી આપવા ઈન્કાર કરવામાં આવે છે. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીએ ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતો સ્પષ્ટ કર્યેથી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિભાગ) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,